# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીથી 62 હજાર કરોડ રૂપિયાથી વધુની યુવા-કેન્દ્રિત પહેલોનું અનાવરણ કર્યું
2. બે વર્ષથી ઓછી ઉંમરના બાળકોને શરદી-ખાંસીની દવાઓ ન આપવા આરોગ્ય મંત્રાલયનું સૂચન
3. સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન અંતર્ગત સાડા છ કરોડથી વધુ મહિલાઓની તપાસ કરાઇ
4. વિશ્વ નેતાઓએ ગાઝામાં બંધકોને મુક્ત કરવાના હમાસના નિર્ણય અને અમેરિકાના શાંતિ પ્રસ્તાવનું સ્વાગત કર્યું
5. અમદાવાદમાં ક્રિકેટ ટેસ્ટ મેચમાં આજે ભારત સામે વેસ્ટ ઇન્ડીઝની નબળી શરૂઆત. 98 રનમાં 8 વિકેટ ગુમાવી

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM- YOUTH SCHEME

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે 62 હજાર કરોડ રૂપિયાથી વધુની વિવિધ યુવા-કેન્દ્રિત પહેલોનું અનાવરણ કર્યું, જે દેશભરમાં શિક્ષણ, કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતાને નિર્ણાયક વેગ આપશે. નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે યોજાયેલા કૌશલ્ય દીક્ષાંત સમારોહ દરમિયાન, શ્રી મોદીએ અપગ્રેડેડ **ITIs - PM - SETU** દ્વારા પ્રધાનમંત્રી કૌશલ્ય અને રોજગારક્ષમતા પરિવર્તનનો પ્રારંભ કર્યો. શ્રી મોદીએ જણાવ્યુ, **PM – SETU** યોજના વિશ્વની કૌશલ્ય માગને ભારતના યુવાઓ સાથે જોડશે.

**(બાઇટ : PM--SETU-YOJNA)**

તેમણે કહ્યું, યુવાનોનું સામર્થ્ય વધે છે ત્યારે દેશની તાકાત વધે છે. આજે ભારત ટોચના 3 અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે.

**(બાઇટ : PM--TOP-3-ECONOMY)**

શ્રી મોદીએ 34 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 400 નવોદય વિદ્યાલયો અને 200 એકલવ્ય મોડેલ રહેણાંક શાળાઓમાં સ્થાપિત એક હજાર 200 વ્યાવસાયિક કૌશલ્ય પ્રયોગશાળાઓનું પણ ઉદ્ઘાટન કર્યું. પ્રધાનમંત્રીએ બિહારની સુધારેલી મુખ્યમંત્રી નિશ્ચિત સ્વયં સહાય ભથ્થુ યોજના પણ શરૂ કરી, જે હેઠળ દર વર્ષે લગભગ પાંચ લાખ સ્નાતક

યુવાનોને નિ:શુલ્ક કૌશલ્ય તાલીમ સાથે બે વર્ષ માટે એક હજાર રૂપિયાનું માસિક ભથ્થું મળશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VP - TRIBUTE TIRUPPUR

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને આજે વીર સ્વાતંત્ર્ય સેનાની તિરુપુર કુમારનને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી રાધાકૃષ્ણને કુમારનને અતૂટ દેશભક્તિ અને બલિદાનના પ્રતીક તરીકે બિરદાવ્યા. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, કુમારનનું બલિદાન લાખો લોકોમાં એકતા, ગૌરવ અને હિંમતની ભાવનાને જાગૃત કરવા માટેનું એક આહ્વાન હતું.

શ્રી રાધાકૃષ્ણને પ્રખ્યાત સ્વાતંત્ર્ય સેનાની સુબ્રમણ્યમ શિવને પણ તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CENTRE - COUGH SYRUPS

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે સલાહ આપી છે કે બે વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ઉધરસ અને શરદીની દવાઓ સૂચવવી જોઈએ નહીં કે આપવી જોઈએ નહીં.

મંત્રાલયે જણાવ્યું કે, સામાન્ય રીતે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે આ દવાઓની ભલામણ કરવામાં આવતી નથી, અને તેનાથી ઉપરના બાળકો માટે તેનું ઉપયોગ કાળજીપૂર્વક તબીબી મૂલ્યાંકન અને નજીકની દેખરેખ હેઠળ થવો જોઈએ.

મંત્રાલયે આ સંદર્ભમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય સેવાઓના નિયામકને પત્ર લખ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે બાળકોમાં મોટાભાગની ઉધરસની બીમારીઓ ઘણીવાર ફાર્માકોલોજિકલ હસ્તક્ષેપ વિના દૂર થઈ જાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NADDA-SWASTH ABHIYAN

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જેપી નડ્ડાએ કહ્યું, સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાને છ કરોડ 50 લાખ મહિલાઓની તપાસનો ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યો છે. તેમણે કહ્યું કે, દેશભરમાં લગભગ 18 લાખ આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે.

બે અઠવાડિયા લાંબા આ અભિયાનનો પ્રારંભ 17 સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરાયો હતો અને બીજી ઓકટોબરે પૂર્ણ થયું. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી નડ્ડાએ કહ્યું કે આ અસાધારણ સિદ્ધિ મજબૂત પરિવારો અને સમૃદ્ધ સમુદાયોના હૃદયમાં મહિલા સ્વાસ્થ્યને સ્થાન આપવાના દેશના સામૂહિક સંકલ્પને પ્રતિબિંબિત કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR-ECI

બિહાર વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ સંદર્ભે કેન્દ્રીય ચૂંટણી પંચ રાજ્યના 12 રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી રહ્યું છે. આ બેઠકની અધ્યક્ષતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પટણામાં કરી રહ્યા છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના નેતૃત્વમાં ચૂંટણી પંચની સંપૂર્ણ ટીમ આગામી બિહાર વિધાનસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવા માટે બે દિવસની મુલાકાતે પટણા પહોંચી છે.

પ્રતિનિધિમંડળમાં ચૂંટણી કમિશનર ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશીનો સમાવેશ થાય છે. રાજકીય પક્ષના પ્રતિનિધિઓ સાથે

મુલાકાત કર્યા પછી, ચૂંટણી પંચ વહીવટી અને પોલીસ અધિકારીઓ સાથે બેઠક કરશે. આ બેઠકો દરમિયાન, વહીવટ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત તૈયારીઓની સમીક્ષા કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN**/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## REAX-GAZA HOSTAGES

વિશ્વ નેતાઓએ આજે ગાઝામાં બંધકોને મુક્ત કરવાના હમાસના નિર્ણય અને અમેરિકાના નેતૃત્વ હેઠળના શાંતિ પ્રસ્તાવ સાથે જોડાવાની તેની ઇચ્છાનું સ્વાગત કર્યું છે.

આ જાહેરાત અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રાજદ્વારી પ્રયાસોના પગલે કરવામાં આવી છે, જેમણે અઠવાડિયાની શરૂઆતમાં ઇઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધને ઉકેલવા માટે 20-મુદ્દાની શાંતિ યોજનાનું અનાવરણ કર્યું હતું.

બ્રિટિશ પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરે હમાસના આ પગલાને દુશ્મનાવટનો અંત લાવવા તરફ એક મુખ્ય પગલું ગણાવ્યું હતું. ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોને ઝડપી કાર્યવાહીની જરૂરિયાત પર ભાર મૂક્યો. ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીસએ પણ આ નિર્ણયનું સ્વાગત કરતાં હમાસને કરારનો સંપૂર્ણ અમલ કરવા હાકલ કરી.

જ્યારે ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સને હમાસની જાહેરાતને સકારાત્મક પગલું ગણાવી. વૈશ્વિક નેતાઓના સંકલિત પ્રતિભાવથી સંઘર્ષને સમાપ્ત કરવાના રાજદ્વારી પ્રયાસો પાછળ નવી આંતરરાષ્ટ્રીય ગતિનો સંકેત મળ્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-TRUMP GAZA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત ટકાઉ અને ન્યાયી શાંતિ માટેના તમામ પ્રયાસોને મજબૂત સમર્થન આપવાનું ચાલુ રાખશે.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, ગાઝામાં શાંતિ પ્રયાસો નિર્ણાયક પ્રગતિ કરી રહ્યા છે ત્યારે ભારત રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના નેતૃત્વનું સ્વાગત કરે છે. તેમણે કહ્યું કે, બંધકોની મુક્તિના સંકેતો એક મહત્વપૂર્ણ પગલું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GST REFORMS- COMMERCIAL GOODS VEHICLES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 22 સપ્ટેમ્બરે શરૂ થયેલા **GST** બચત ઉત્સવનો સમાજના તમામ વર્ગોને લાભ આપી રહી છે. આજે અમારા સંવાદદાતા વાણિજ્યિક માલસામાનના વાહનો પરના કર ઘટાડા અંગે એક અહેવાલ લઈને આવ્યા છે.

### વોઇસ કાસ્ટ : VC- SHIVANG

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## J&K-VAISHNO DEVI YATRA ADVISORY

જમ્મુ અને કાશ્મીરમાં હવામાનની સ્થિતિને કારણે શ્રી માતા વૈષ્ણોદેવીની યાત્રા આવતીકાલથી 7 ઑક્ટોબર સુધી સ્થગિત રહેશે.

યાત્રાળુઓની સલામતી અને સુખાકારીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભક્તોને સલાહ આપવામાં આવે છે કે તેઓ શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઇન બોર્ડ દ્વારા તેની વેબસાઇટ અને અન્ય અધિકૃત સંદેશાવ્યવહાર ચેનલો દ્વારા જારી કરાયેલ સત્તાવાર અપડેટ્સ જોતા રહે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR-HEAVY RAIN

બિહારમાં મુશળધાર વરસાદે પટના અને આસપાસના વિસ્તારોમાં સામાન્ય જનજીવન ખોરવી નાખ્યું છે. વૈશાલી, સારણ, સિવાન, શેખપુરા, જમુઈ, નવાદા, અરવલ અને જહાનાબાદ જિલ્લામાં પણ ભારે વરસાદ પડ્યો છે.

હવામાન વિભાગે રાજ્યના ઘણા ભાગોમાં આગામી બે દિવસ ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. રેડ એલર્ટને ધ્યાનમાં રાખીને, સારણ જિલ્લાની તમામ શાળાઓ આજે બંધ કરી દેવામાં આવી છે. જિલ્લા મેજિસ્ટ્રેટે આંગણવાડી કેન્દ્રો પણ બંધ કરવાનો આદેશ આપ્યો છે.

રોહતાસ અને કૈમુર જિલ્લામાં સતત વરસાદને કારણે સ્થાનિક નદીઓ છલકાઈ ગઈ છે, જેથી ઘણા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TEST CRICKET

ક્રિકેટમાં, અમદાવાદ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે ભારતીય બોલરોની શાનદાર બોલિંગને કારણે વેસ્ટ ઇન્ડીઝે **110** રનમાં **8** વિકેટો ગુમાવી દીધી છે. રવિન્દ્ર જાડેજાએ 3 વિકેટ લીધી. અગાઉ, ભારતે પાંચ વિકેટે 448 રનના સ્કોર પર તેનો પ્રથમ દાવ જાહેર કર્યો હતો. ધ્રુવ જુરેલ, રવિન્દ્ર જાડેજા અને કેએલ રાહુલની સદીઓએ યજમાન ટીમને વેસ્ટ ઇન્ડીઝ પર 286 રનની જંગી લીડ મેળવવામાં મદદ કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .